સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

જૂના બગીચા ને બાલોદ્યાન વેરાન થાય છે,
મહાત્મા મંદિર પાછળ જ હેરાન થાય છે,
સીમા ચિહ્ન બન્યું છે એ, વિકાસની સમાધિ -
મહાત્મા મંદિર પાછળ જ ખેરાત થાય છે.

હાઈકુ

'બાપુ નું રાજ'
દ્રાક્ષ માંડવા નીચે
શિયાળ વૃત્તિ..!

આવ્યો છે હોઠે
વિશ્વ વિજય કપ -
અજેય ટીમ...

ચિંતન

અયુક્તં સ્વામિનો યુક્તં યુક્તં નીચસ્ય દૂષણમ્ ।
અમૃતં રાહવે મૃત્યુર્વિષં રૂદ્રસ્ય ભૂષણમ્ ॥

સમર્થ-મોટી-મહાન વ્યક્તિઓ કંઇક અયોગ્ય કરે તો પણ તે યોગ્ય અને સારી બની જાય છે. પણ સામાન્ય-મધ્યમ કક્ષાની વ્યક્તિ કંઇક યોગ્ય કરે તો પણ તે દુષણ-દુષિત-ખરાબ બની જાય છે. રાહુએ 'અમૃત' પીધું તો પણ તે તેને માટે મૃત્યુનું કારણ બન્યું અને ભગવાન શંકરે ઝેર પીધું તો પણ 'નીલકંઠ' તરીકે તે તેની શોભા બની ગયું. મહાદેવનું ભૂષણ થયું છે.'

આજે મોટા મોટા નેતાઓ હાથમાં ઝાડુ લઇ શેરી-ઘાટની સફાઇ કરે છે તો એના ફોટો ટીવી રેડિયોમાં સમાચાર બની જાય છે અને આપણે આપણા ઘરનું જ આગણું સાફ કરતા હોઇએ તો પાડોશીઓની ટીકાનું પાત્ર બનીએ છીએ.

ધનિકોના ઘરમાં જ 'બાર'નો એક આખો ખંડ રાખવામાં આવે છે. જયાં દરરોજ રાત્રે દારૂની મહેફિલ થાય છે. (પરમીટ વિના જ સ્તો!) પણ બિચારો ગરીબ મજૂરીનો થાક અને ભીષણ ચિંતાનું દુઃખ ભૂલવા પીએ તો તેની ગણતરી 'દારૂડિયા'માં થાય છે.

રાહુ અને મહાદેવે એકે અમૃત અને બીજાએ ઝેર પીધું છતાં ય એમને જે ફળ મળ્યું તે પુરાણોમાં પ્રસિદ્ધ છે.

સુવિચાર

- શું તમે તમારી જીંદગીની ડ્રાઇવર સીટ પર છો કે માત્ર પેંસેજર - ડો. અઢિયા
- જે પોતાના અહંકારને ત્યજે છે તેને વગર માંગ્યે જ બધું મળે છે - જનકલ્યાણ
- સુખના સોદા પૈસાથી નથી થતાં, પણ સુખ માટે પૈસાના વિકલ્પ નથી હોતા, દેખાય તે નહીં અનુભવાય તે સુખ હોય છે - મોરારિ બાપુ
- 'હિમ્મત' એ તો અંતરમાંથી ઊભી થતી વસ્તુ છે, સંખ્યામાંથી નહીં - એસ. ભટ્ટાચાર્ય
- મહેનત ઇતની ખામોશી સે કરો કે સફલતા શોર મચાદે - યશ ચોપડા
- 'જવાબદાર' એટલે જવાબદારી પૂર્વકનો પ્રતિભાવ - ચંદ્રકાન્ત મહેતા
- આજે આપણે જે છીએ તે આપણી પોતાની ભૂતકાળની પસંદગીની જ નિપજ છે - વજુ કોટક

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

દરેકને ઉત્સાહ વર્ધક બે શબ્દો, પ્રોત્સાહન અને થોડી પ્રશંસાની છૂપી પણ જરૂર તો હોય જ છે, અને એવા શબ્દો જ ઘણીવાર પ્રેરણાનું સ્રોત બનતું હોય છે.

એક અંગ્રેજ, જર્મન દેશમાં ગોલ્ફની સ્પર્ધા માટે ગયો.

ગોલ્ફમાં - ગોલ્ફનો સામાન ઉપાડનાર અને દોડીને બોલ લાવવા વગેરેમાં મદદ કરનાર યુવાનને 'કેડી' (KD) કહેવામાં આવે છે.

આ અંગ્રેજ સ્પર્ધકને જે યુવાન સહાયક મળ્યો. કેડી એને અંગ્રેજી આવડતું ન હતું માત્ર બે-ત્રણ શબ્દો જ જાણતો હતો, પણ અનુભવી હતો. સ્પર્ધકે મનમાં વિચાર્યું એક-બે દિવસ આ 'કેડી' થી ચલાવી લઉં પછી બીજો શોધી લઇશ.

સ્પર્ધા શરૂ થઇ - પેલો યુવાન કેડી, સ્પર્ધક જેટલા જ ઉત્સાહમાં એની સાથે ને સાથે રહ્યો અને જેટલી વાર એ ગોલ્ફનો શોટ મારે કે તરત જ કેડી એને આવડતાં પેલા ત્રણ અંગ્રેજી શબ્દો બોલતો - 'ડેમ ગુટ શોટ!'

અને સ્પર્ધકનો ઉત્સાહમાં પ્રાણ પૂરાઇ જતા. આમને આમ અંગ્રેજ બધી સ્પર્ધાઓમાં જીતી ચેમ્પિયન થઇ ગયો.

ઉત્સાહવર્ધક ત્રણ શબ્દોની આ જીત હતી.

Email - sureshchandrabhatt18@gmail.com

સત્યના રણકાર સાથે મનન અને ચિંતનનો નિષ્કર્ષ અને નિખારનો અમુલ્ય ખજાનો ખોલી આપતો અલગારી અક્ષરયાત્રી

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

દેખાવમાં એક નાનો સાધારણ શબ્દ અખૂટ શક્તિથી ભરપૂર અને અજર અમર હોય છે. શબ્દોમાં એક વ્યક્તિ, એક સમાજ, એક રાષ્ટ્રને પણ બદલવાની શક્તિ હોય છે. જો શબ્દ દુનિયામાં શાંતિ લાવી શકે છે તો ક્રાંતિ લાવવાની શક્તિ પણ રાખે છે. શબ્દો આપણા જીવનમાં પ્રેરણા, ઉત્સાહ અને ઇરાદાઓ દઇ શકે છે. અક્ષરોથી શબ્દ બને. શબ્દોથી વાક્ય બને અને વાક્યોથી પુસ્તક બને આ દુનિયાનાં નિર્માણથી આજ સુધી મનુષ્યની સૌથી મોટી રચના જો કોઇ હોય તો એ પુસ્તક.

હાં, આજે મારે તમને એક એવા અમુલ્ય ખજાના રૂપ પુસ્તકની વાત કરવી છે. તેના અંગે જાણીતા વરિષ્ઠ સાહિત્યકાર દોલત ભટ્ટ લેખકને અલગારી અક્ષરયાત્રી તરીકે ઓળખ આપી જણાવે છે કે આ એક નોખું - અનોખું પ્રકાશન છે એનું કારણ અને તારણ એવું છે કે સમગ્ર માનવવૃત્તિઓ, મનોભાવ, વિચારધારા, વહેવાર, વેપાર, બુદ્ધિ, ભગવાન, સફળતા, નિષ્ફળતા, લક્ષ, ભાષા, ભલાઇ આમ અનેક બાબતો પર લેખકે તેમાં ઊંડાણપૂર્વકના વિચારોને વ્યક્ત કરી સાહિત્ય જ્ઞાનનો દિશામાં નવાં દ્વાર ખોલી આપ્યાં છે.

'અમુલ્ય ખજાનો' પુસ્તકને પ્રથમ પાનેથી છેલ્લા પાના સુધી જોતાં તેમાં ૮૩ જેટલા શબ્દો પસંદ કરી તે દરેક શબ્દને સાંકળતા સુવાક્યો, અહીં આપવામાં આવ્યા છે. અહીં થોડામાં ઘણું કહી દેવાની કરામત લેખકની કલમમાં જોઇ શકાય છે. જેમ કે, 'જ્ઞાનની કોઇ હદ નથી તેમ અજ્ઞાન પણ અનંત છે.' વળી ખાસ નોંધપાત્ર બાબત એ છે કે સામાન્ય વ્યવહારમાં રોજબરોજ વપરાતા શબ્દોને પસંદ કરી તેના દ્વારા વિચારકંડિકાઓ મુકી છે. જે વાંચકને વધુ પ્રભાવિત કરે તેમ છે. શબ્દોનો ક્રમ લેખકે કક્કાવારી મુજબ રાખ્યો છે. જેથી વાચકને તેમાં રસ પડે તેવું છે. લેખકના પોતાના કથન અનુસાર શબ્દોના અભ્યાસથી જ મનુષ્ય વિદ્વાન બની શકે છે. વિદ્વાન દરેક જગ્યાએ પુજાય છે. સંત કબીર, બુદ્ધ, નાનક, ગાંધીજી, વિવેકાનંદ એન બીજા અનેક મહાપુરુષો પાસે ન તો કોઇ અપાર ધન દોલત હતી, ન તો કોઇ મોટું રાજય, ન ભય કે ન આંતક, છતાં આટલાં વર્ષો પછી પણ દુનિયા તેમના બતાવેલ રસ્તે ચાલે છે. આ વ્યક્તિઓ પાસે અસાધારણ શબ્દોની તાકાત હતી. તેમની પાસે વિચારોની સેના હતી. શબ્દોના સૈનિકો હતા. આ જ અણમોલ શબ્દો વચે આ મહાપુરુષોએ દુનિયા જીતી. મહાપુરુષોના થોડાક શબ્દો સૈકાઓથી આ દુનિયાને પ્રેરણા આપી રહ્યાં છે.



'અમુલ્ય ખજાનો' પુસ્તકમાં દરેક વિષય પર આપવામાં આવેલ વિચાર કંડિકાઓ એવી છે કે તેમાં થોડીક તારવીને તેનું આચમન કરાવવું ખુબ અઘરુ છે. છતાં મને ગમતી કેટલીય કંડીકાઓ તમારા માટે અહીં રજૂ કરું છું, જેમ કે -

- જ્ઞાન પ્રાપ્ત કરવા કરતાં અજ્ઞાનને છુપાવવું વધુ અઘરું છે.
- ભેટની કિંમત કરતાં ભેટ આપવાની રીત વધુ કિંમતી છે.
- ઇચ્છા એક શ્રદ્ધા છે. જે મુશ્કેલીમાં પણ હાથ પકડી રાખે છે.
- કોઇ પણ કાર્ય એ જિંદગીનો ખોરાક છે અને આનંદ એ મીઠાઇ છે.
- જયારે તમારી આવક વધી જાય છે ત્યારે અનાજની કિંમત મામુલી બની જાય છે પણ કેલેરીની કિંમત વધી જાય છે.
- જે લોકો પુલ બનાવવાને બદલે દીવાલ બનાવે છે તે એકલા પડી જાય છે.
- પ્રદિપ્ત ઉત્સાહ એટલે જ બુદ્ધિ પ્રતિભા.
- ઉંમર એ પ્રેમ જેવી છે કદી છુપાવી શકાતી નથી.
- આવક વધારવી એટલે ઇચ્છા વધારવી.
- સારાં કાર્યો સારા વિચારોથી શરૂ થાય છે.
- કૂતરો એક એવું પ્રાણી છે જે પોતાની જાત કરતાં તમને વધુ ચાહે છે.
- ગુસ્સાને કાબુમાં રાખવાનો ઉપાય લાંબી પ્રાર્થના છે.
- દેશની ચાર જરૂરિયાતો છે. રોટી, બુદ્ધિ, માન્યતાઓ અને ભાઇચારો.
- જીવન ગમે તેવું મુશ્કેલ હોય પમ જીવવા જેવું છે.
- જયારે મગજ કામ કરતું અટકી જાય છે ત્યારે જીભ તે જ ગતિથી ચાલવા લાગે છે.
- તક એક વખત આવે છે, જયારે લાલચ તમને બે વખત તક આપે છે.
- જે લોકો તમને મદદ નહીં કરે તેમ માનતા હો તો તેમને કરવામાં આવેલું દાન સાચું દાન છે.
- બુદ્ધિપૂર્વક દુઃખી થવાનો અભ્યાસ એટલે તત્ત્વજ્ઞાન.
- તક નહીં પણ પસંદગી તમારું નસીબ નક્કી કરે છે.

અશ્વિનભાઇ પટેલ જયારે મળે ત્યારે તેમની પાસે કંઇને કંઇ નવા વિષય, નવી વાત મળે છે. કદાચ એ જ તેમને જીવન જીવવાની ઉર્જા પુરી પાડે છે. તેમણે અનેક વિષયો પર જે ચિંતન, મનન કર્યું છે તેમાંથી નવનીત રૂપે અમૂલ્ય ખજાનો વાંચકની સમક્ષ રજૂ કર્યો છે. શબ્દોની તાકાતને ઓળખી તેને જીવનમાં ઉતારવા માટે અને જીવનનાં કેટલાંક મૂળભૂત સત્યોને ઉજાગર કરવાની લેખકની કોશીશને હું આવકારુ છું. હા, અમુક વાક્યોનું પુનરાવર્તન થયું છે તે ટાળી શકાયું હોત.

'અમુલ્ય ખજાનો'ના લેખક અશ્વિન પટેલ પોતે એક આખાબોલા, સત્યનિષ્ઠ અને ઉત્સાહી વ્યક્તિ અને સતત નવું નવું ખોજતાં સર્જક તરીકે હું તેમના પરિચયમાં આવ્યો, ત્યાંથી જોઇ શક્યો છું. આ સિવાય હાસ્ય વ્યંગની પણ તેમની કેટલીક પુસ્તિકાઓ છે. ઉપરાંત અદ્‌ભૂત દુનિયા, વિચારો અને ચમત્કાર સર્જો, ફળની આશા વિના સફળ થવાનું નથી' જેવા સકારાત્મક અને ઉત્સાહપૂર્વક વિચારશીલ પુસ્તકો વિદ્યાર્થીઓ, શિક્ષકો, લેખકો અને સમાજના વિવિધ વર્ગોમાં એક વિચારનો ઝબકાર પેદા કરવાની શક્તિ આપે તેવું છે તેને આવકારી અશ્વિનભાઇને અભિનંદન પાઠવુ છું.

અમુલ્ય ખજાનો
લેખક - અશ્વિન પટેલ
પ્રકાશક - વસુંધરા પ્રકાશન
૪૧૪, ચોથો માળ, સ્પેક્ટ્રમ કોમર્શિયલ સેન્ટર
રિલીફ સિનેમા પાસે, સલાપસ રોડ, અમદાવાદ-૧
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩
કિંમત રૂા. ૨૨૦, પૃષ્ઠ - ૧૯૨
સંપર્ક સૂત્ર - ૯૪૨૮૩૫૪૨૮૯

અંગ્રેજી અને ટેકનોલોજીની સાથે સંસ્કૃતનો મહિમા

અતીતની આજ

- ડૉ. હરિ દેસાઇ

હમણાં નડિયાદના બ્રહ્મર્ષિ સંસ્કારધામના દ્વિશતાબ્દી મહોત્સવ અને એના સૂત્રધાર શ્રી ડાહ્યાભાઇ શાસ્ત્રીનાં ૯૦ વર્ષનાં વધામણાનાં ઓચ્છવ ટાણે ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ પધાર્યાં અને એમણે જે મનનીય વ્યાખ્યાન આપ્યું એના અંશ વાંચીને એની પૂરેપૂરી ટેક્સ્ટ મંગાવ્યા વિના રહેવાયું નહીં. મુખ્યમંત્રી માત્ર રાજનેતા જ નથી, એ પ્રતિષ્ઠિત શાળાનાં આચાર્ય પણ રહ્યાં છે. મૂળે વિજ્ઞાનમાં અનુસ્નાતક કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવનાર રહ્યાં છે. એમણે એ વ્યાખ્યાનમાં અંગ્રેજી, ટેકનોલોજી અને સંસ્કૃતના ત્રિવેણીસંગમની વાતને સુપેરે વણી લીધી. માત્ર સંસ્કૃતને દેવભાષા કે પંડિતોની ભાષા ગણાવવાના બદલે સામાન્ય જન સુધી એને પહોંચાડવાની હોંશ વ્યક્ત કરી અંગ્રેજીના ક્રેઝને વખોડવાને બદલે અંગ્રેજી અને ટેકનોલોજીની આવશ્યકતાની સાથે જ સંસ્કૃતના જ્ઞાન અને જતનની સાથે જ સંવર્ધનની આવશ્યકતા પર ભાર મૂક્યો.

સંસ્કૃત અને સમગ્ર ભારત વર્ષની સંસ્કૃતિનો સંબંધ અતૂટ છે. એને રાજકીય દૃષ્ટિએ મૂલવવાની જરૂર નથી, પણ પ્રજાના જીવન સાથેના અંતરંગ અને અનિવાર્ય સંબંધ તરીકે નિહાળવાની જરૂર છે. સંસ્કૃત એ જીવંત ભાષા છે, એને જૂની પુરાણી-કલાસિકલ ભાષા સ્થાપિત કરીને એનો મૃત્યુઘંટ વગાડવાને બદલે મુખ્યમંત્રી આનંદીબહેન કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ નહીં, કર્ણાટકના કોંગ્રેસી મુખ્યમંત્રી સિદ્ધરામૈયાથી લઇને જમ્મુ-કાશ્મીરના પીડીપીના મુખ્યમંત્રી મુફ્તી મોહમ્દ સઇદ સુધીનાએ જ્ઞાન-વિજ્ઞાનની આ વિશ્વભાષાને પોષક સરકારી માહોલ ઊભો કરવાની આવશ્યકતા છે. સંસ્કૃતને હિંદુઓની ભાષા અને ઉર્દૂને મુસ્લિમોની ભાષા ગણાવનારા ખરા અર્થમાં તો અજ્ઞાની લેખાશે. કારણ વર્ષો સુધી મુંબઇમાં પત્રકારત્વનું ખેડાણ કરતાં અમારો સંબંધ સંસ્કૃતના મહાપંડિત ગુલામ દસ્તગીર બિરાજદાર સાથે આવ્યો હતો. જન્મે એ મુસ્લિમ, પણ સોલાપુરની પાઠશાલામાં ભણીને મુંબઇની મ્યુનિસિપલ સ્કૂલમાં પ્રાથમિક શાળાનાં હિંદી શિક્ષક તરીકે નિવૃત્ત થનાર પં.બિરજદાર પવિત્ર કુર્આનને પણ સંસ્કૃત શબ્દ લેખાવતા રહ્યા. કુ+રાન એટલે અવકાશમાંથી જે પવિત્ર અવાજ અથવા વાણીબોધ પ્રાપ્ત થયો તે કુર્આન. મૃત્યુ પૂર્વે એમણે પવિત્ર કુર્આનને સંસ્કૃતમાં અનુદિત કરવું હતું. આ પં.બિરાજદાર સામાન્ય રિક્ષાવાળા સાથે સંસ્કૃતમાં વાત કરે તો પેલો અભણ માણસ પણ સમજી શકે. એટલે અમો હંમેશા કહેતા હતા કે સંસ્કૃતનું કોઇએ સત્યાનાશ વાળ્યું હોય તો પંડિતોએ. ભારેખમ સાહિત્યની વાતો અને રામઃરામો રામાઃમાં સંસ્કૃતને ગૂંચવી નાંખીને લોકોથી આ ભવ્ય ભાષાને દૂર કરીને એને દેવભાષા ગણાવી લીધી. બ્રાહ્મણોની ભાષા બનાવી દીધી. અછૂત ગણાતી જાતિઓ માટે એ ભણવા પર પ્રતિબંધ આવી ગયો. આજે સ્થિતિ ઊલટી છે. સંસ્કૃતના અધ્યાપકો અને શિક્ષકોમાં ઘણા બધા તેજસ્વી દલિતો જોવા મળે છે. ભાષાને શું વળગે ભૂર? ભાષાને તે નાતજાતના કે આભડછેટના વાડામાં પૂરાતી હશે?

સંઘ પરિવારની સંસ્કૃતભારતી સંસ્થાએ તો ભેખ લીધો છે કે ગામોનાં ગામોને સંસ્કૃતમાં બોલતાં કરવાં જોઇએ. સંઘ પરિવારના આ ઉપક્રમને બિરદાવવા માટે કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોએ આગળ આવવાની જરૂર છે. એમ તો સંસ્કૃતના સમર્થકોમાં પંડિત જવાહરલાલ નેહરુનું નામ મોખરે મૂકી શકાય અને ડો.બાબાસાહેબ આંબેડકર પણ સંસ્કૃતના સમર્થક હતા એની વાતને કોણ નકારી શકે? અમારા દિવંગત ૧૨ વર્ષીય તેજસ્વી પુત્ર મિલિન્દ દેસાઇ ૧ નવેમ્બર ૧૯૯૨ના રોજ મેંગલુરુ ખાતે કર્ણાટક રાજ્યોત્સવના મુખ્ય અતિથિ હતા ત્યારે યજમાન પરિવાર ખ્રિસ્તી હતો અને એમનાં સંતાનો માટે અન્ય વૈકલ્પિક ભાષાઓ ઉપલબ્ધ હતી છતાં એમણે સંસ્કૃત ભાષા લીધી હોવાની વાતે અને ગર્વનો અનુભવ કરાવ્યો હતો. વળી એમનાં સંસ્કૃત શિક્ષક એક ગુજરાતી હોવાનો આનંદ અનેરો હતો. કેરળ યુનિવર્સિટીમાં સંસ્કૃત ભાષામાં સ્નાતક કક્ષાએ ગોલ્ડ મેડલ મુસ્લિમ કન્યાઓને મળવાની પરંપરા હરખ કરાવે છે. મુંબઇના મહેતા પરિવાર થકી સિદ્ધ પુરમાં સંસ્કૃતમાં એસ.એસ.સી.માં સૌથી વધુ ગુણ લાવનારાં વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરાય અને એમાં ઘાં મુસ્લિમ હોય એનો આનંદ છે.

ઉર્દૂને મુસ્લિમોની અને વિદેશીઓની ભાષા ભણાવનારાઓને કહેવું પડે કે ભારતના રાષ્ટ્રપતિ રહેલા પંડિત શંકરદયાળ શર્મા અને વડા પ્રધાન રહેલા ડો.મનમોહનસિંહ ઊર્દૂ માધ્યમમાં ભણ્યા હતાં. ઉર્દૂ શતપ્રતિશત ભારતીય ભાષા છે. લશ્કરી જરૂરિયાતોમાંથી જન્મેલી ભાષા છે. પત્રકાર શિરોમણિ કુલદીપ નાયર ઇન્ડિયન એક્સપ્રેસ જૂથમાં તંત્રી પદે રહ્યા અને લંડનમાં ભારતીય રાજદૂત પણ રહ્યા. એ પણ ઉર્દૂ માધ્યમમાં ભણ્યા હતા. આવાં અનેક ઉદાહરણ આપી શકાય. ભાષાને ધર્મ હોતો જ નથી. ભાષાના વિવાદોના રાજકારણની વાત નિરાળી છે, પણ પ્રજા એમાં ફસાય નહીં એ રાષ્ટ્રના હિતમાં જ ગણવું પડે.

સંસ્કૃત ભાષામાંથી ભારતીય ભાષાઓ જ નહીં, પણ ઇન્ડો-યુરોપીયન ભાષાઓ પણ જન્મી હોવાની હકીકત હવે સમગ્ર વિશ્વમાં સ્વીકૃત બની છે. ભારતીય સંરક્ષણ મંત્રાલય હેઠળના ડીઆરડીઓમાં સાયક્લોજિકલ રિસર્ચના ડિરેક્ટરપદે રહેલા જાણીતા ઇતિહાસવિદ ડો.એન.આર.વરાડપાંડે તો અધ્યયને આધારે વેબસ્ટર ડિક્શનરીમાંના ચાર લાખ શબ્દોમાંથી એક લાખ શબ્દો સંસ્કૃતમાંથી ઉતરી આવ્યાનું કહે છે. એમણે એવા દસ હજાર શબ્દો તારવી આપ્યા છે અને બાકીનું કામ નાગપુર યુનિવર્સિટી કરે એવું અપેક્ષિત માને છે.અમેરિકાની બહુરાષ્ટ્રીય કંપની આઇબીએમમાં કાર્યરત રહેલા નાગપુર નિવાસી ડો. શ્રીકાંત વર્ણેકર તો એવા મતના છે કે કોમ્પ્યૂટર માટે સૌથી અનુકૂળ ભાષા સંસ્કૃત જ છે.

થોડા વખત પહેલાં મુંબઇમાં વિજ્ઞાન પરિષદ મળી. એમાં અનેક સત્રોમાંથી એક સત્ર સંસ્કૃત અને પ્રાચીન વિજ્ઞાન વિશે હતું. પ્રાચીનકાળમાં વિજ્ઞાને જે પ્રગતિ સાધી હતી એ વિશેના આ સત્રમાં વિમાનવિદ્યા સહિતની બાબતોની ચર્ચા થઇ. એ વિશે ભારે ઉહાપોહ મચ્યો, પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્‌ઘાટિત આ ભારતીય વિજ્ઞાન પરિષદમાં વિશ્વસ્તરના વિજ્ઞાનીઓએ પ્રાચીન વિજ્ઞાન અને સંસ્કતના ગ્રંથોની વાત કરી. એમાં વિજ્ઞાન ભારતીના અધ્યક્ષ, આઇ.આઇ.ટી-દિલ્હીના નિયામક મંડળના અધ્યક્ષ અને પરમ કોમ્પ્યુટરના જનક ડો. વિજય ભાટકરનો પણ સમાવેશ હતો.

મોદી યુગમાં વિજ્ઞાન અને સંસ્કૃતના પ્રાચીન કાળ વિશે વધુ સંશોધનો થાય અને માત્ર લિપ-સર્વિસ સુધી જ સીમિત ના રહે એટલી અપેક્ષા રાખવી આ તબે અસ્થાને નહીં જ લેખાય.

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ વિજ્ઞાનનાં વિદ્યાર્થી રહ્યાં છે, આચાર્યા રહ્યાં છે, અભ્યાસી છે. મોદીયુગની આધુનિક ટેકનોલોજીથી સુપરિચિત છે અને સંસ્કૃતના સાંસ્કૃતિક વારસાના જતનની ખેવના કરે છે ત્યારે ગુજરાતની સંસ્કૃત પાઠશાળાઓ અને સંસ્કૃત યુનિવર્સિટી માટે તો સોનાનો સૂરજ ઊગવા જેવા સંજોગો સર્જાયા છે. સાથે જ ભારતીય વિજ્ઞાનને લગતી જે સંસ્થાઓ ગુજરાત અને દેશમાં કાર્યરત છે એમને માટે પણ આ શુભસંકેત છે.

ગ્લોબલ વિલેજમાં ભાષાની આવશ્યકાતની સાથે જ ટેકનોલોજી અને સંસ્કૃતનો સુમેળ સાધીને ભારતનું આગવું વૈશ્વિક પ્રદાન આવતા દિવસોમાં શક્ય છે એ માટે આશાવાદ સેવીએ. અંગ્રેજીની માત્ર ઘેલછાની સાથે જ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર તેમજ ઇતિહાસથી નવી અને જૂની પેઢી પરિચિત રહે એ સમગ્ર વિશ્વમાં જેમ યોગની સ્વીકૃતિ શક્ય બની એ જ રીતે વધુ મંગળ સોપાનો સર કરવાનું શક્ય બનાવશે.

સામાન્ય રીતે રાજનેતાઓ અને શાસકોની છાપ વાતોનાં વડાં કરીને વીસરી જવાની હોય છે. પ્રજામાં એમની વિશ્વસનીયતામાં જોવા મળતો ઘટાડો ચિંતાજનક સંજોગો ભણી દોરી જાય છે. આવા ચિંતાના માહોલમાં મુખ્યમંત્રી આનંદીબહેનનું ચિંતન નવા આશાવાદી યુગનાં મંડાણ કરનારું સાબિત થશે એવી શ્રદ્ધા વ્યક્ત કરીએ.

ઘણી વખત બાળક ઘરથી વાલીથી કંટાયેલું હોય છે, એના ખાવા-પીવા પર ભારે બંધનો હોય છે, આવી સ્થિતિમાં, બાળક એક સામાન્ય ચોકલેટથી પણ લલચાઇ જતું હોય છે, બાળકને ખાવા પીવાની કે મોજશોખની કોઇ પણ ચીજની લાલચ ન રહે, પ્રલોભન ન રહે એવું ધ્યાન રાખવું જરૂરી છે

હું રસ્તે રઝળતી વારતા

- અયના કમલેશ

'હાઇવે' ફિલ્મ ખાસ સફળ નહોતી રહી, ન જ રહેવી જોઇએ. એવી ઉત્કૃષ્ટ કલાસિકલ ફિલ્મો જોવા કોણ નવરું છે? આપણને એવી ફિલ્મો ગમે જેમાં સલમાન ખાન એક જ સ્ટાઇલની શર્ટ કાઢીને પાંચ-સાત છોકરીઓ સાથે વલ્ગર ડાન્સ કરતો હોય કે શાહરૂખ ખાન એની એક જ સ્ટાઇલથી પોતાના ગાલના ડિમ્પલ જરા વધારે ઊંડા દેખાય એ રીતે છોકરીઓને ઇમ્પ્રેસ કરતો હોય.

'હાઇવે' ફિલ્મમાં એક ધનાઢ્ય પરિવારની છોકરીનું કિડનેપીંગ થાય છે. કિડનેપ કર્યા પછી કિડનેપરને ખ્યાલ આવે છે કે છોકરીનો બાપ બહુ પહોંચવાળો સમર્થ માણસ છે એટલે કોઇ પણ રીતે એ પોતાના સુધી પહોંચી જશે. એ ટ્રકમાં છોકરીને લઇને એક સ્થળેથી બીજા સ્થળે છુપાતો ફરે છે. કિડનેપરનો એક સાગરિત છોકરીને પટાવી-ફોસલાવીને તેની સાથે દુષ્કર્મ કરવા પ્રયત્ન કરે છે. એક વખત એ જરાક બળજબરી કરવા જાય છે અને મૂળ કિડનેપર એને જોઇ જાય છે. ગુસ્સે થયેલો કિડનેપર પોતાના સાગરિતને મારીને ભગાડી મૂકે છે. એ સાગરિત બાતમી આપીને કિડનેપરને તથા છોકરીને પકડાવી દેવા પ્રયત્ન કરે છે. આજ સમય દરમિયાન કિડનેપર તરફ છોકરીને આકર્ષણ થાય છે. અને તેને પ્રેમ કરવા માંડે છે. કિડનેપર પર ધીમે ધીમે કૂણો પડીને તેને પ્રેમ કરતો થઇ જાય છે. બર્ફિલી પહાડીઓ વચ્ચે એક ઝૂંપડા જેવા ઘરમાં બંને રહે છે. છોકરી કહે છે કે મારી કલ્પનાનું મારું ઘર આવું જ હતું. એવામાં છોકરીના શ્રીમંત બાપે મોકલેલી પોલીસ ત્યાં આવી પહોંચે છે અને છોકરીની નજર સામે જ કિડનેપરની હત્યા કરી નાખે છે. છોકરી ભારે ખિન્નતાપૂર્વક પોતાનો આક્રોશ વ્યક્ત કરે છે પછી એને ઘરે લઇ આવવામાં આવે છે.

ખરી મજાની વાત અહીં બને છે. છોકરીની સલામતી માટે જે ચોકિયાત ગોઠવાયેલા છે, એ જોઇને એ પૂછે છે 'કયા ઘર હૈ?' ઘરે આવ્યા પછી એને કારાવાસનો અનુભવ થાય છે એ કહે છે કે કિડનેપરની સાથે હતી ત્યારે પોતે ખૂબ આઝાદ હતી.

એથીય ગંભીર ઘટના તો એ બને છે કે છોકરીના ઘરે સતત આવ-જા કરતા એના પપ્પાની ઉંમરના વડીલ કેવા શયતાન હતા એ રહસ્ય ખુલ્લું થાય છે. છોકરી પાંચ-સાત વર્ષની હતી. ત્યારથી એ વડીલ છોકરીને ચોકલેટ આપીને બાથરૂમમાં લઇ જતા પછી એના પર રેપ કરતા. છોકરીની ચીસો કોઇ સાંભળી ન જાય એ માટે વડીલ છોકરીનું મોઢું દબાવી રાખતા. છોકરીએ એની મમ્મીને આ વાત કરી હતી, પણ મમ્મીએ એનો કશો ઉપાય કર્યો નહોતો. ઉલટાનું એની ચરણવંદના કરવાની આજ્ઞા કરી હતી! છોકરી છેલ્લે કહે છે કે, તમે સૌએ મને બહારના લોકોથી કેવી રીતે બચવું એ તો સમજાવ્યા કર્યું હતું. પરંતુ ઘરનાં કોના-કોનાથી કેવી રીતે બચવું એ કેમ નહોતું શીખવાડાયું?

નાની બાળકીઓ - કિશોરીઓ ઉપર રેપ થવાની ઘટનાઓ માત્ર શહેરોમાં જ નથી બનતી. નાનાં ગામડાંઓ પણ સદીઓથી એવું થતું રહ્યું છે. ક્યાંક સ્કૂલમાં શિક્ષક દ્વારા કે પટાવાળા દ્વારા કિશોરી પર રેપ થાય છે તો ક્યાંક પડોશી દ્વારા, ક્યારેક નજીકના કોઇ પરિચિત પુરુષ દ્વારા તો ક્યારેક કોઇ અજાણ્યા હવસખોર પુરુષ દ્વારા. એવી ક્ષણે કિશોરી ડરી જાય છે, ભયભીત થઇ જાય છે. એ કોઇને કશું જ કહી શકતી નથી. કોઇ વખત વાલીને ખબર પડે છે ત્યારે સમાજમાં વગોવણી ન થાય એ કારણે સમગ્ર ઘટના પર પડદો પાડી દેવામાં આવે છે.

આમિરખાન 'સત્યમેવ જયતે' સિરીયલમાં એક વખત આ ગંભીર બાબત વિશે અત્યંત સંવેદનશીલ રજૂઆત કરી હતી. છેલ્લાં કેટલાંક વરસથી આ બાબતે જાહેરમાં ચર્ચાઓ પણ થવા માંડી છે અને ફેમિલીમાં નાની બાળકીઓને તેમનાં વાલીને કેવી સલાહ આપવામાં આવે છે. જાગૃતિ આપવાં છતાં આવી ગુનાખોરીના ટકા ઓછા કેમ થતા નથી એ સવાલ છે. આ માટે બીજું જ કોઇ જવાબદાર હોય તે ખરું, પણ રેપનો શિકાર બનેલી બાળકી કે કિશોરીનો તો કોઇ જ વાંક હોતો નથી.

ફેમીલીમાં બાળક છોકરી હોય કે છોકરો, આ બાબતે એની સાથે થોડી વાતો કરવી જોઇએ. છોકરા સાથે પણ આવાં દુષ્કૃત્યો ઠેરઠેર અને વારંવાર થતાં હોય છે. ઘણી વખત બાળક ઘરથી વાલીથી કંટાયેલું હોય છે. એના ખાવા-પીવા પર ભારે બંધનો હોય છે. આવી સ્થિતિમાં, બાળક એક સામાન્ય ચોકલેટથી પણ લલચાઇ જતું હોય છે. બાળકને ખાવા પીવાની કે મોજશોખની કોઇ પણ ચીજની લાલચ ન રહે, પ્રલોભન ન રહે એવું ધ્યાન રાખવું જરૂરી છે.

ક્યારેક બાળક ખૂબ ડરપોક એન ગભરું હોય છે એટલે એની સાથે જે કાંઇ બન્યું હોય તે કોઇને કહી શકતું નથી. દૃષ્કૃત્ય કરનાર વ્યક્તિએ એને ખૂબ ધમકાવ્યું હોય છે અને એ વાત કોઇને નહીં કહેવા ભયપૂર્વક કહેલું હોય છે. બાળકને ફેમીલીમાંથી કોઇના પર એટલો ભરોસો હોવો જોઇએ કે, એ તેને આવી કોઇ પણ વાત સ્પષ્ટપણે કહીને પોતાની સલામતી જાળવી શકે.